

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગાયના શિંગડે ભરાવી ‘ભય’ ફેલાવી તો દીધો!*
*ને બધા જ ક્ષેત્રોમાં ‘ભ્રષ્ટાચાર’ રેલાવી તો દીધો!*
*ભેલાવી દીધો ભારતમાં, ‘લોકશાહી’માં વિશ્વાસ -*
*જીએસટીના કાયદે ‘ભૂખમરો’ લાવી તો દીધો!*

### હાઈકુ

*બનાવી નાખો !*
*નિષ્ઠા - ફરજનું -*
*ઊંચું પૂતળું!*

*બદલો નામ,*
*‘સંઘ’નું કરી નાખો -*
*લોકરક્ષક!!*

### ચિંતન

*સન્તો મનસિ કૃત્વૈવ પ્રવૃત્તાઃ કૃત્યવસ્તુનિ ।*
*કસ્ય પ્રતિશ્રૃણોતિ સ્મ કમલેભ્ય શ્રિયં રવિઃ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સજ્જનો મનમાં ઉત્તમ કર્તવ્યનો નિશ્ચય કરીને તેમાં જ પ્રવૃત્ત થાય છે. પોતાનું કામ કરતાં પહેલાં કે કર્યા પછી કોઈને કહી બતાવતા નથી. કમળોને શોભા આપવાનું કે વિકસિત કરવાના કામનું સૂર્ય કોને કહી બતાવે છે?

કર્તવ્ય - ફરજ એ પાલન કરવાની બાબત છે એના ઢંઢેરા-નગારાં ન હોય તમને તમારી આસપાસે જે કંઈ પણ કામકાજ ચાહે તે ‘ઘર’ હોય કે ‘સમાજ’ શાંતિથી કરી લેવું થાય એટલું કરો, આની ફરજ છે તે કરતાં નથી મેં કર્યું એવો ‘ગોકીરો’ કરવાનો ન હોય!

### સુવિચાર

- કેટલાક અજ્ઞાનથી નષ્ટ થાય છે, કેટલાક પ્રમાદથી નષ્ટ થાય છે, કેટલાક જ્ઞાનના અહંકારથી નષ્ટ થાય છે, કેટલાક નષ્ટ લોકોથી નષ્ટ થાય છે - **ચાણક્ય**
- કર્મ વગર દૂરંદેશી દીવા સ્વપ્ન છે, દૂરંદેશી વગર કર્મ દુસ્વપ્ન છે - **જાપાની કહેવત**
- એક મજબૂત જાતવાન બળદ ખેતરમાં જરા ગડથોડિયું જાય છે ત્યારે કેટલાક કસાઈઓ તેની છરી સજાવવા માંડે છે - **યહૂદી કહેવત**
- બીજાઓને સત્ય શીખવવા માટે તારે શીખવવાની તીવ્ર વાસના છોડવી પડશે - **એન્થની ડીમેલો**
- મૂર્ખાઓની વાતનો જવાબ મૌન છે - **રમણ મહર્ષિ**
- સમુદ્ર કયારેય યાચના કરતો નથી તો પણ સદાયે જળથી ભરાયો રહે છે, એ જ રીતે પોતાની જાતને પાત્ર યોગ્ય બાવવી કારણ કે પાત્ર પાસે સંપત્તિઓ સ્વયં આવે છે - **વિદૂરનીતિ**
- આજનું ઔષધ : અડધો ગ્લાસ ગાજરના જ્યુસમાં એક ચમચી મધ ચપટી મરી પાઉડર નાખી સવાર-બપોર-સાંજ પીવાથી કફ છૂટો પડે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પુણ્યાત્માઓ જયાં પણ જાય ત્યાં સ્વર્ગ રચાઈ જાય છે અને પાપીઓ જયાં જાય છે ત્યાં નર્ક બની જાય છે. પાપીઓ પોતાનું નર્ક સાથે લઈ જાય છે. પુણ્યાત્માઓ પોતાનું સ્વર્ગ પોતાની સાથે લઈને જાય છે. એક યુવાન ધર્મમાં ખૂબ આસ્થા રાખીને ચાલવા વાળો એક દિવસ કોઈ ધાર્મિક પુસ્તકમાં સ્વર્ગ અને નર્ક વિશેની વાતો વાંચતો હતો. ત્યાં તેને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં એક સપનામાં તેણે જોયું કે પોતે એક ટ્રેનમાં બેઠો છે. એણે સાથે બેસેલા મુસાફરને પૂછ્યું કે આ ટ્રેન કયાં જઈ રહી છે તેઓએ જણાવ્યું, ‘ટ્રેન સ્વર્ગમાં જઈ રહી છે.’ યુવાનને થયું, ‘ચાલો સરસ સ્વર્ગ જોવા મળશે, અને સોક્રેટિસ, બુદ્ધ...’ વગેરે પુણ્યાત્માઓ સ્વર્ગમાં હશે અને તેમને મળી શકાશે.’ સ્વર્ગના સ્ટેશને ટ્રેન ઊભી રહી. યુવાનને ખૂબ નવાઈ લાગી. સ્ટેશન આખુંય ઉદાસ હતું. યુવાને ચકાસણી કરીને કે ‘સ્વર્ગ’ નું જ પાટીયું હતું. સ્વર્ગમાં પ્રવેશતાં કોઈ રોકન જોવા મળી નહીં, કયાંક ફૂલો ખીલ્યા ન હતા, કયાંક સંગીત વાગતું ન હતું. કયાંક નૃત્ય ન જોયું, ધર્મગુરુઓ, મુનીઓ, પાદરીઓની વસ્તી પણ પણ કોઈ નૂર નહોતું. બધું નિષ્પ્રાણ હતું એણે કોઈકને પૂછ્યું, ‘સોક્રેટિસ, બુદ્ધ વગેરે કયાં છે.’ ત્યાંના લોકોએ કહ્યું ‘અમે આવા કોઈ નામ સાંભળ્યા નથી, તમે નર્કમાં તપાસ કરો.’ યુવાન સ્ટેઓશન પાછો ફર્યો ટ્રેનમાં બેઠો અને એ ટ્રેન એને નર્કમાં લઈ ગઈ ત્યાં જોયું તો નર્કમાં ઉત્સવ ચાલી રહ્યો હોય તેવું વાતાવરણ હતું, ખિલેલા ફુલો જોયા, રંગીન વાતાવરણ હતું, જીવનનું મેઘધનુષ જાણે છવાયેલું હતું. ત્યાં ફરી ચકાસણી કરી કે ખરેખર, ‘આ જ નર્ક છે કે કેમ ?’ કોઈ ને પૂછી જોયું, ‘કે ગૌતમ બુદ્ધ કે સોક્રેટિસ કયાં છે?’ જવાબ મળ્યો. ‘તેઓ પણ અહીં જ છે અને તેમના અહીંયા આવવાથી જ આ નર્ક સ્વર્ગમાં રૂપાંતરિત થઈ રહ્યું છે.’

# ઊર્જિત પટેલનું રાજીનામું ચિંતાજનક છે

**તંત્રીસ્થાનેથી...**

નોટબંધીના કઠોર નિર્ણયને આવકારી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુડબુકમાં આવી ગેયલા અર્થશાસ્ત્રી ઊર્જિત પટેલ રિઝર્વ બેંક જેવી સર્વોચ્ચ નાણાંકીય સંસ્થાના ગર્વનર પદે પહોંચી ગયા હતા અને એમની સહીથી નવી નોટો પણ છપાઈ હતી. તત્કાલીન રિઝર્વ બેંકના ગર્વનર રઘુરામ રાજને વાંરવાર મોદી સરકારને નોટબંધી જેવા નિર્ણય સંદર્ભે ઈમાનદાર અધિકારી અને પ્રખર અર્થશાસ્ત્રી તરીકે ચેતવણી આપી હતી. આથી તેઓ સરકાર માટે શિરોવેદના સમાન બની ગયા હતા. આખરે એમને મનેકમને પોતાનું એ મનગમતું કાર્ય છોડી વિદેશમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકેની નવી કારકિર્દી સ્વીકારવી પડી હતી. દેશના અર્થતંત્રને નવી દિશા આપનારા પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ આ બધી ઘટનાઓથી વ્યથિત થાય તે સ્વાભાવિક હતું. પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહ રાવ દેશની નાણાંનીતિને નવા આયામ આપવા કૃત સંકલ્પ હતા. એમને એક નવા નાણામંત્રીની જરૂર હતી જે ભારતીય અર્થતંત્રને વૈશ્વિક સંદર્ભે મૂલવે અને બંધિયાર વાતાવરણમાંથી બહાર આણી મજબૂતી બક્ષે. કેન્દ્રીય નાણા સચિવ અને રિઝર્વ બેંકના ગર્વનર તરીકે યાદગાર સેવાઓ આપી ચૂકેલા વિશ્વકક્ષાના મહાન અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહને એમને નાણાંમંત્રી તરીકેની જવાબદારી સોંપી જે ફળદાયી નીવડી હતી. ડૉ.મનમોહનસિંહની ખુલ્લી નાણાંનીતિને લીધે ભારતીય અર્થતંત્ર મજબૂત બન્યું હતું. કાળક્રમે એ જ મનમોહનસિંહ સળંગ બે ટર્મ સુધી વડાપ્રધાનપદે રહ્યા પણ કમનસીબે ગઠબંધન ધર્મ નિભાવવા જતાં સાથી પક્ષોના ભ્રષ્ટાચારના છાંટા એમના પર પણ પડ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની લાક્ષણિક છટામાં ડૉ. મનમોહન સિંહનું નામ જ ‘મૌની બાબા’ પાડી દીધું હતું પરંતુ હવે પ્રજાને લાગે છે કે મૌની બાબાનું અર્થતંત્ર મોદીબાબાની સરખામણીએ ઘણું સધ્ધર હતું. નોટબંધી જેવો નિર્ણય કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમને ઉત્તરપ્રદેશમાં જેમનો વધુમાં વધુ ડર હતો એવાં માયાવતી અને મુલાયમસિંહને હાંસિયે હડસેલી દીધાં હતા. ઉત્તરપ્રદેશમાં રાજકીય દિગ્વિજય પછી મોદી અત્ર તત્ર સર્વત્ર અનિવાર્ય નેતા તરીકે છવાઈ જરૂર ગયા પરંતુ કાળાં નાણાં પરત લાવી દરેક ખાતેદારના ખાતામાં બારોબાર પંદર લાખ જેવી માતબર રકમ જમા કરાવવાની વાત પોકળ સાબિત થઈ. એટલું જ નહીં, નોટબંધીને કારણે તથા ‘ઓન લાઈન’ પોલિસીને કારણે ખેડૂત અને વેપારી આલમની દુર્દશા થઈ ગઈ. જેટલીને બલિનો બકરો બનાવી મોદી છટકી શક્યા હોત પણ એમની પાસે તો વકીલાત તરીકે મોદીનાં અઢળક રહસ્યો છે. જેટલીની કાબેલિયતને પડકારનારા સુબ્રમણ્યમ સ્વામીની ચેતવણી પણ નજરઅંદાજ કરાતી રહી. આખરે જેટલીએ નાણાંકીય નિષ્ફળતાનું ઠીકરું રિઝર્વ બેંકના મોદીએ જ નીમેલા નવા ગર્વનર ઊર્જિત પટેલના માથે ફોડવાનો વ્યૂહ અપનાવ્યો જેને લીધે ઊર્જિત પટેલ જેવા તજજ્ઞને ભારે હૈયે હોદ્દાની મુદ્દત પૂર્વે જ રાજીનામું આપી દેવું પડ્યું છે. હવે વડાપ્રધાન ગમે તેટલાં થાબડભાણાં કરે, ઊર્જિત પટેલની નાણાંનીતિને અનુસરવાની વાતો કરે પણ સત્ય છાપરે ચડીને પોકારી રહ્યું છે. વિપક્ષો માટે ઊર્જિત બ્રહ્માસ્ત્રની ગરજ સારી શકે એમ છે. એક તરફ રામમંદિરનો લોકલાગણી સાથે સંકળાયેલો મુદ્દો ગરમાયો છે, રાજયોની વિધાનસભાઓમાં માર પડી રહ્યો છે એમાંથી બીજી તરફ નાણાંકીય અરાજકતાનો યુગ શરૂ થયો છે. એમાંથી ઈવીએમની જાદુગરી સિવાય ભાગ્યે જ બચી શકાય એમ છે.

# નવી ક્ષિતિજો જાણે કે મને આવકારી રહી હતી



## નવાં કલેવર

નટવર હેડાઉ

જીવનમાં અનેક અસફળતાઓ અને પીડાઓને હું ખમી ગયો હતો. મારી પાસે હવે મોત સિવાય કોઈ રસ્તો ન હતો. હું આત્મહત્યા કરવા ડુંગર પર ચડી ગયો. ડુંગરની ટોચેથી નીચે જોયું ખીણોનું અંતર્હિન ઊંડાણ દેખાયું જે મને પોતાની તરફ ખેંચી રહ્યું હતું. હું ખુશ થયો.

મરતાં પહેલાં મેં ઈશ્વરને કહ્યું ‘હે ઈશ્વર ! તું આકાશમાં પણ ફૂલો ખીલાવી શકે છે, પણ મારી અનંત પ્રાર્થનાઓ પશ્ચાત પણ તેં મારા જીવન પુષ્પને ન ખીલાવ્યું. ઠીક છે. જેવી તારી મરજી, તું માલિક છે.’

આમ કહીનો હું ડુંગરની ટોચેથી ભૂસકો મારવા જતો હતો. ત્યાં જોર જોરથી પવન ફૂંકાવા લાગ્યો. આકાશ વાદળોથી ઘેરાઈ ગયું. મેઘ ગર્જના થઈ. ઘનખોર વાદળો ઝડી ને નીચે આવ્યા. અને મને કહેવા લાગ્યા.

‘હે મનુષ્ય, પૃથ્વી પર એવા કોઈ માણસ નહીં હોય જેને કોઈ સમસ્યા ન હોય અને એવી કોઈ સમસ્યા નહીં હોય જેનો કોઈ ઉકેલ ન હોય.’

મેં પૂછ્યું ‘તો... શું મારી સમસ્યાનું પણ કોઈ સમાધાન છે?’

વાદળો ફરી ગરજ્યા અને કહેવા લાગ્યાં. જીવનમાં અસફલતાઓ અને પ્રતિકૂળતાઓ આવે છે. તે મનુષ્યની ગુપ્ત અને સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવા આવે છે. પણ મનુષ્ય એ વાત સમજી શકતો નથી. તે તેનાથી વિચલિત થઈને પોતાના માર્ગથી ભટકી જાય છે. જેમ કે તું તારા માર્ગથી ભટકી ગયો. માનવે પોતાના શરીરમાં પ્રાણ છે. ત્યાં સુધી સફળતાઓ અને સમસ્યાઓ સામે પોતાની હાર માનવી ન જોઈએ કે જીત પણ સમજવી ન જોઈએ. છેવટે જીત મનુષ્યની જ થવાની કેમ કે મહાન શક્તિઓ મનુષ્યના આહ્‌વાનનો ઈંતજાર કરતી હોય છે.

આટલું કહી ગરજતાં વાદળો ચૂપ થઈ ગયા.

થોડીવાર બાદ વાદળો ફરી ગરજવાં લાગ્યા. વીજળીના કડાકા ભડાકા શરૂ થયા. ચમકતી વીજળીનો ઝબાકાર આંખનો આંજી નાંખતો હતો. ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. મુરઝાયેલાં પુષ્પો મુશ્કુરાવા લાગ્યા. વેલીઓ ખુશ થઈ લહલહવા લાગી. વૃક્ષો ઝૂમી ઊઠ્યાં. ઠુંઠામાં પણ કૂંપળો ફૂટી, ઘાસ, તણખલાં અને છોડવાસોનાં પર્ણો ચમકવા લાગ્યો. કણ કણમાં નવજીવન છવાઈ ગયું.

હું ઈશ્વરનો સંકેત સમજી ગયો. તારા પગ પર્વત પરથી ધીરે ધીરે નીચે ઉતરી રહ્યા હતા.

જીવનના ગમે તેવા પડકારો ઝીલવાની એક હિંમત, તાકાત અને શક્તિ મને જાણે મળી ગઈ હતી. મારી દૃષ્ટિ બદલાઈ ગઈ હતી.

હવે જાણે કે હું એક નવો અવતાર પામ્યો હતો. મારા રોમ રોમમાં શક્તિનો સંચાર થયો હતો. હતાશા, નિરાશાનો ખંખેરીનો જીવન જીવવાની નવી દિશા તરફ હું આગળ વધી રહ્યો હતો. મારા અંદરનો ડર ચાલ્યો ગયો હતો. નવી ક્ષિતિજો જાણે કે મને આવકારી રહી હતી.

હવે હું વ્યસ્ત છું. મસ્ત છું અને જીવનની આફતોનો અવસરમાં પલટાવવાની હામ લઈ આગળ વધી રહ્યો છું. મને હવે નિષ્ફળતા કયાંક દૂર દૂર સુધી પણ નજરે પડતી નથી. સફળતા જ મારો જીવન મંત્ર બની ચૂક્યો છે અને એ માર્ગે હું ખૂબ ગતિથી આગળ વધી રહ્યો છું. તમારા જીવનમાં પણ એવું કંઈ હોય તો તોનો ખંખેરીનો આગળ વધો. ઉજાસનું કિરણ સાફળતાની ક્ષિતિજે તમનો આવકારવા નીકળી ચૂક્યું છે.

# પ્રતિક્ષા : વ્યક્તિના જીવન સાથે અતૂટ રીતે વણાઈ ગયેલી એક અનિવાર્ય ક્રિયા



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંક થી ચાલુ)

આઈરિશ નાટયકાર અને કવિ જેમણે પોતાનું મોટાભાગનું જીવન પેરીસમાં વિતાવ્યું હતું એવા વિશ્વવિખ્યાત લેખક અને નાટયકાર સેમ્યુઅલ બેકેટ (Samuel Beckett). આ નાટ્યકારે બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું પછી એક એબસર્ડ નાટક લખ્યું હતું જે નાટક વિશ્વવિખ્યાત થયું હતું. એ નાટકનો વિશ્વની મોટા ભાગની ભાષાઓમાં અનુવાદ થયો હતો. (ગુજરાતીમાં પણ ). આ નાટક હતું ‘‘વેઈટિંગ ફોર ગોડો’’ (Waiting fro Godot). આ નાટકનાં બે મુખ્ય પાત્રો એસ્ટાગોન (Estagon) અને વ્લાદિમીર (Vladimir) નાટકની શરૂઆતથી લઈને નાટકનાં અંત સુધી કોઈ એક વ્યક્તિ ‘‘ગોડો’’ ની પ્રતિક્ષા કર્યા કરે છે. ‘ગોડો’ની પ્રતિક્ષાનો સમય પસાર કરવા માટે બંને પાત્રો વિવિધ પ્રકારની રમતો રમે છે અને વિવિધ પ્રકારના નુસખા કર્યા કરે છે. નાટકમાં સમયાંતરે, રોજ સાંજે એક નાનું બાળક આવીને તેઓને ખબર આપે છે કે આજે ‘ગોડો’ નહિ આવે. આમ ત્રણ અંકનાં નાટકમાં દરેક અંતનાં અંતે સંદેશો આવે અને તે પછીનાં અંકમાં ફરી પાછી પતિક્ષા શરૂ થાય, વિવિધ રમતો શરૂ થાય અને આમ ને આમ, પ્રતિક્ષમાંને પ્રતિક્ષામાં નાટક પૂરું થાય છે. નાટકના અંતમાં પણ પેલું બાળક આવે છે અને સંદેશો આપે કે ‘‘ગોડો’’ નહીં આવે. આમ છેવટ સુધી ‘ગોડો’ આવતા જ નથી.

માનવીનું મૃત્યુ તો નિશ્ચિત ચ્હે એટલે મૃત્યુ સિવાય આપણે જે કોઈની પ્રતિક્ષા કરતાં હોઈએ તેનું આગમન થશે જ એવી નિશ્ચિતતા હોય તો એ પ્રતિક્ષામાં વ્યાકુળતા પણ હોય છે. ‘વેઈટિંગ ફોર ગોડો’ નાં બંને નાયકોની પ્રતિક્ષામાં એક પ્રકારની અનિશ્ચિતતા હતી તેથી તેઓ વ્યાકુળ થઈને ‘ગોડો’ની રાહ જોતાં હતા અને સમય પસાર કરવા માટે વિવિધ પ્રકારના હવાતિયાં મારતા હતા.

શબરીજીની પ્રતિક્ષામાં ભલે શ્રીરામની પધરામણીની અનિશ્ચિતતા હતી પણ શબરીજીને પોતાનાં ગુરુ માતંગજીનાં શબ્દોમાં અતૂટ વિશ્વાસ હતો એટલે શ્રીરામ પધારશે જ એવી શબરીજીને અતૂટ હતી શ્રદ્ધા હતી. જે પ્રતિક્ષામાં વિશ્વાસ હોય, જે પ્રતિક્ષામાં શબરીજી જેવી અતૂટ શ્રધ્ધા હોય, વ પ્રતિક્ષમાં અનિશ્ચિતતા હોય તો પણ આનંદની દિવ્ય અનુભૂતિ થતી હોય છે અને જેની પ્રતિક્ષા કરતાં હોઈએ છીએ તેને વધાવવા માટે આપનું મન હુંમેશા આતુરતા અને ઉતેજના અનુભવતું હોય છે. એ આતુરતા અને ઉતેજનાને શબ્દદેહ આપવો કઠિન છે.

પ્રતિક્ષાનુ એક બીજા દ્રષ્ટીકોણથી વિશ્ર્લેષણ કરીએ તો એવું કહી શકાય કે પ્રતિક્ષા કરી શકતી વ્યકિત હંમેશા આશાવાદી હોય છે. પ્રતિક્ષા એવી વ્યકિત જ કરી શકે છે જે દરરોજ નવી આશાઓ લઈને જાગે છે. પોતાની પ્રતિક્ષામાં અનિશ્ચિતતાઓ હોય તો પણ વ્યકિત કેટલાક પ્રકારની પ્રતિક્ષાઓ કર્યા જ કરે છે. અને ક્યારેક એવું પણ બને છે કે વ્યક્તિની એ પ્રતિક્ષાઓ જીવનભર પૂરી થતી નથી છતાં વ્યકિત પોતાની આશા છોડતી નથી અને પ્રતિક્ષા કર્યા જ કરે છે. પૌરાણીક ગ્રંથોનાં ટાંકયા પ્રમાણે શ્રીકૃષ્ણએ ગોકુળ છોડ્યું પછી ગોકુળવાસીઓ અને ખાસ કરીને રાધાજી કૃષ્ણનાં ગોકુળમાં ફરી પાછા આવવાની જીવનભર પ્રતિક્ષા કરતા રહ્યા પણ તેઓની પ્રતિક્ષા કયારેય પુરી ના થઈ શકી.

વ્યકિત જયારે વ્યાકુળ બનીને કોઈ પ્રતિક્ષા કરતી હોય છે ત્યારે પ્રતિક્ષાના સમય દરમ્યાન કેટલીક ક્ષણો એવી આવે છે કે વ્યકિત પોતે નક્કી નથી કરી શકતી કે વધારે સમય માટે પ્રતિક્ષા કરવી કે પોતાની પ્રતિક્ષા પુરી થવાની શકયતાઓ ઓછી હોય એ પ્રતિક્ષા ને છોડી દેવી. આમ વ્યકિત જયારે અવઢવમાં હોય છે, વ્યક્તિ હ્રી હ્રી વચ્ચે ઝોલા ખાતી હોય છે એ ક્ષણો વધારે કષ્ટદાયક બને છે. આવા સમયે વ્યકિત એ દ્રઢનિશ્ચયી બનીને કોઈપણ એક નિર્ણય લઈ લે તો તેની વ્યથા હળવી થઈ શકે છે

જે કોઈ વ્યકિત કે ક્ષણની આપણે પ્રતિક્ષા કરતા હોઈએ છીએ એ વ્યકિત કે ક્ષણનું આપણા જીવનમાં મૂલ્ય શું છે એ વિચારવું પણ ખુબ જ મહત્વનું છે. એ વ્યકિત કે ક્ષણનુ જો આપણા જીવનમાં ખરેખર મુલ્ય હોય તો પ્રતિક્ષા કરીએ એ વાજબી ગણાય. જો મૂલ્ય ના હોય તો એ પ્રતિક્ષા કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

પ્રતિક્ષાના સમય દરમ્યાન વ્યકિતને વેઠવી પડતી વ્યથા કે વેદના હળવી કરવા માટે વ્યકિતએ પરિસ્થિતીને સ્વિકારી લેતાં શીખી લેવું જોઈએ. જે પરિસ્થિતી હોય એ જ પરિસ્થિતીને સહર્ષ સ્વીકારી લઈને પ્રતિક્ષા સમયનાં હવાતિયા મારવા છોડી દેવાથી માનસિક રીતે હળવાશ અનુભવી શકાય છે. પ્રતિક્ષા સમયની પરિસ્થિતીમાંથી જ લુંટાય એટલો આનંદ લુંટી શકાય તો એ પ્રતિક્ષાકાળ ઝડપથી પસાર થઈ શકે છે. જે પ્રતિક્ષાઓમાં અનિશ્ચિતતાઓ રહેલી હોય એ અનિશ્ચિતતાઓ સાથે જો વ્યકિત જીવવા માટે ટેવાઈ જાય તો એ પ્રતિક્ષાઓનો ભાર ના લાગે કારણ કે જીવનની દરેક ક્ષણો પણ અનિશ્ચિતતાઓથી જ ભરેલી હોય છે. પ્રતિક્ષા સમયને હળવો કરવા માટે માત્ર પ્રતિક્ષામાં જ સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે બીજી પ્રવૃતિઓમાં, બીજા વિચારોમાં જો મન પરોવવાનો પ્રયત્ન કરીએ તો પ્રતિક્ષાકાળ હોય તેના કરતા લાંબો ન લાગે અને પ્રતિક્ષાકાળ ની વેદના પણ થોડી હળવી થઈ શકે. પ્રતિક્ષા સમયે આપણે નિષ્કિ્રય (Passive) રહેવાને બદલે પ્રવૃત (Active) રહી શકીએ તો પ્રતિક્ષાકાળ ચપટી વગાડતા જ પ્રસાર થઈ જાય છે.

વ્યકિત કોઈપણ હોય, ભીષ્મપિતામહ હોય, શબરીજી હોય, રાધાજી હોય, ગોકુલવાસીઓ હોય કે ‘વેઈટિંગ ફોર ગોડો’ નાટકના પત્રો એસ્ટાગોન અને વ્લાદિમીર જેવા સામાન્ય માનવીઓ હોય, પ્રતિક્ષાની ક્ષણો દરેકના જીવનમાં આવતી જ રહેતી હોય છે. એ પ્રતિક્ષાકાળ દરમિયાન વ્યક્તિ માનસિક કે ભાવાત્મક રીતે વિચલિત થયા વિના ધીરજ ધરીને પ્રતિક્ષા કરતી રહે તો એ પ્રતિક્ષાની ક્ષણો વ્યક્તિ માટે એક અવસર બની રહે છે. એ અવસરને પછી તો મન મૂકીને, મન ભરીને માણવાનો જ રહ્યો.

# લાલચ



## થોટ

નટવર આહલપરા

‘લાલચ બૂરી બલા છે.’ એમ અનુભવ પરથી યોગ્ય કહેવાયું હશે. એમ પણ કહે છે કે ‘લાલો લાભ વગર ન લોટે.’ લાલચું લોકો આજે ઠેર-ઠેર જોવા મળે છે. જીવનના ક્ષેત્રમાં કયાંક પણ વ્યવહાર કરીએ કે સોદો કરીએ ત્યાં કોઈને પણ લાલચ થાય તેવો વ્યવહાર ન કરવો જોઈએ.

અંગ્રેજો નફો કરવામાં માનતા હતા. પણ સાથે એ વાતનું ધ્યાન રાખતા કે સામાપક્ષે નુકશાન ન થવું જોઈએ. એટલે કે પોતાની લાલચ જ ન હોવી જોઈએ. આખેઆખો લાડવો તમને મળી જાય અને બીજા કોરા રહી જાય. કુદરત પણ આવું કરતી નથી અને ઈચ્છતી નથી તમે ધંધો કરો છો તે ધંધાનો પાયો લાલચ ઉપર રચાયો નથી.

નીચ અને અધમ મનુષ્યોને માત્ર ધનની જ લાલસા હોય છે. તેઓ ધનને જ સર્વસ્વ માને છે. ધન મેળવવાથી આખી દુનિયા વશમાં કરી શકાય છે તેવી દુર્બુદ્ધિવાળા તે હોય છે. લોભ-લાલચ પાછળ તેઓ અંધ હોય છે. અપમાન વેઠીને પણ લાલચું લોકો ધનને મેળવતા હોય છે. તેઓને માન-સન્માન જેવું કાંઈ હોતું નથી. તેઓ સમાજમાં પૂજનીય, વંદનીય ગણાતા નથી.

આજે નાના બાળકને પણ સમજાવવાને બદલે પ્રેમ આપ્યા વિના તેની લાલચને વારંવાર સંતોષાય છે. લાલચ અને અવગુણોમાં ભયંકર અવગુણ છે. લાલચ વિના કામ કરનાર નિઃસ્પૃહી લોકોની સંખ્યા ઘટતી જાય છે. ‘મને શું ફાયદો’ ‘મને શું લાભ?’ એવી વૃત્તિ ધરાવનારા લાલચુ ઠેરઠેર જોવા મળે છે.

# ટાઈમ મેનેજમેન્ટ અને અનુશાસનમાં સર્વત્ર કચાશ



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ટાઈમ મેનેજમેન્ટ અને અનુશાસનમાં સર્વત્ર કચાશ.

જીવન છે ત્યાં સુધી કંઈક કરવા માટે અવકાશ છે અથવા તક છે અને જેવું જીવન છિનવાયુ કે માત્ર સ્મૃતિ તરીકે લોકો કદાચ કંઈક સ્વરુપે યાદ કરે કે ના પણ કરે એ માનવ જીવનની સચ્ચાઈ છે. જીવવું એટલે કે કર્તવ્યને નિભાવવું, કાર્ય કરવું, અપેક્ષા રહિત પ્રતિભાવો આપવા અને સ્વકર્મ કે સ્વધર્મથી સંતુષ્ટ થવું ! કર્મ પ્રધાન છે પરંતુ કેવું કર્મ કયારે કરવું એ પ્રત્યેક વ્યક્તિનાં પોતિકા નિર્ણયોની અંદર આવે છે. માનવીના અસ્તિત્વ માટે ઈશ્વર સુરક્ષાની ખાત્રી આપે છે પરંતુ કર્મફળમાં ખુદ શ્રી કૃષ્ણ કહે છે કે તેમાં હું કંઈ કરવા સમર્થ નથી. આપણા સમાજની કે દેશની પ્રવર્તમાન હાલત કેવી છે કે જેમાં દરેક માણસ જીવનનો બોજો વેંઢારી રહ્યો છે, એ જીવનનો આનંદ માણવા વિચારી શકતો પણ નથી. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી રોજિંદી જિંદગીમાં સમય જતા ડિપ્રેશન - તનાવ પ્રવેશે છે અને નબળવા મનના માણસો સંઘર્ષથી થાકી આત્મહત્યાના માર્ગે જતા રહે છે. સમયને સાંચવવા જતા માણસ સ્વયં ખોવાઈ જાય છે અને સમય આયોજન ક્રમશઃ ઢીલું પડતું જાય છે. સમયસર કામ થાય તે તકેદારી લેવાનું સામાજિક વલણ ખૂબ કંગાળ થતું જાય છે. સમયની કિંમત સમજાતી નથી. વિતેલો સમય કદી પરત આવતો નથી મતલબ કે આ જિંદગી ટ્વેન્ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ જેવી છે. સમય મર્યાદામાં ખેલી લેવું જ પડે તો જ પરિણામ મળે! જાહેર વ્યવસ્થા, સરકારી કચેરીઓ, મોલ, વગેરેમાં સમયપાલન નામની ચીજ અતિ કંગાળ છે તેથી પ્રજાના કામો વિલંબથી થાય છે. કામ પરત્વે જે અભિગમ છે તે યોગ્ય નથી. કામ ચોરી, કામમાં પ્રમાદ કામ કરવામાં કંઈક લેવાની લાલચવૃત્તિ , કામને બોજો માનવો, સત્તાધીશોની સૂચના ને અવગણવી વગેરે કારણોથી પ્રજા વાસ્તવમાં કંટાળી ગઈ છે. ડિજિટલ પ્રથા બાદ તો સિસ્ટમ અંગે બહાના દર્શાવીને કામ કરતા નથી!

વહીવટમાં દમ લુપ્ત છે કેમ કે ટાઈમ પ્રમાણે દરેક કામ થવા જ જોઈએ એ બાબતમાં કોઈને કચવાટ નથી - અથવા લોકો હવે સમજી ગયા છે કે શિકાયત કરવાથી પણ સુધારણા થતી નથી. ફિક્ત વેતનવાળા કર્મચારીઓ એવું જ માને છે કે અમને આટલી જવાબદારી - તો કામ પણ વેતનના પ્રમાણમાં જ થાય ને ! અથવા ભ્રષ્ટાચાર કરવા તરફ ખેંચાય જાય છે. દરેક કાર્ય માટે તેણે અનુરુપ આઈ.ટી. આધારિક માળકું ઘટતુ હોવાથી પણ સમયસર કાર્ય થતા નથી. બેંકોની અંદર થતા કાર્યો પચાસ ટકા શહેર કે ગામની બજારની વચ્ચે હવે આવી ગયા છે જેવા કે નાણા ઉપાડવા - એટીએમ. નાણા ભરવાનું મશીન, પાસબુક પ્રિન્ટિંગ, ક્લિયરીંગના ચેક સ્વીકારતું મશીન આથી હવે માત્ર લોન મેળવવા માટે જ શાખામાં જવા સિવાય બધા કામના પ્લેટફોર્મ ઊભા થઈ ગયા એટલે ટૂંકમાં કહીએ તો બેન્કીંગ પ્રવર્તે છે!! મશીનો બંધ હોય તો પ્રજાની કે ગ્રાહક સેવાની વાત જ કયાં કરવાની ? હવે માર્ચ ૨૦૧૯ સુધીમાં હાલ જેટલા એ.ટી.એમ. છે તેના પચાસ ટકા બંધ થઈ જવાના સમાચાર જાણીને ફરીથી આઘાત લાગ્યો સમયની એક ક્ષણ કેટલી કિંમતી હોય તે પૂછો કોઈ ડૉકટરને અથવા પાઈલોટ ને ક્ષણમાં જીવનદાન યા ક્ષણમાં જીવન સમાપ્ત. સરકારી કચેરીઓમાં માત્ર સમય માટે ઉદાસીનતા છે એટલું જ નથી ત્યાં શિસ્તની કમીસમાજને ઉડીને આંખે વળગે છે શિસ્ત વિનાનો સમાજ કરી સાચું સુખ પામી શકે નહીં. શિસ્તનો સંબંધ જીવન વ્યવહારો સાથે અવિરત હોય છે. બાળ ઉછેરથી શિસ્તપાલન નથી તો પછી આગળ જતા એ બાળક નાગરિક બનશે પણ એ સ્વચ્છંદી થશે. ગેરશિસ્ત જીવનના દરેક તબક્કે ઘર કરી ગઈ છે. બીજા શબ્દોમાં ઉલ્લંઘન બદલનાં પગલાંનો ડર રહ્યો નથી. કાનૂનો ડર મરી પરવારે પછી દુષ્કર્મો, લૂંટ, ચોરી અપરાધો વગેરે ના વધે તો બીજું શું વધે ? શિસ્ત વાસ્તવમાં જીવનદીક્ષાનો પવિત્ર ભાગ છે તે યાદ રાખવું પડશે.

તું પ્યાર કા સાગર હૈ તેરી ઈક બુંદ કે પ્યાસે હમ એ પ્રકારની પ્રાર્થના કર્યા બાદ કામ શરૂ થાય તે તરત પોતાની નિષ્ઠા, ફરજ, શિસ્ત એ બધાને બાજુમાં ધકેલી ને જયારે વ્યવહાર થાય ત્યારે અખિલ બ્રહ્માંડનો નાયક શું રાજી થતો હશે ખરો ? લાંચ લેવી કે આપવી એ ગુનો છે બધા જાણે છે છતાં શા માટે તેમાં સુધારણાં થતા નથી ? લશ્કરનો જવાબ સરહદ ઉપર સમયનું પાલન કરીને અનુશાસનમાં પોતાના પ્રાણની આહુતિ આપી દે છે અને દેશ માટે પોતે કામમાં આવ્યાના ગર્વથી એ આપણી સુરક્ષા કરે છે તો દેશની અંદર આપણે કશું સુંદર જાળવવા સમર્પિત નથી રહ્યા, શિક્ષણનો વ્યાપાર, કૃષિમાં લોકોનો નર્યો તથા ઉચિત કકળાટ, બેકારી, કૌભાંડ, ચારિત્ર્યહિન વ્યવહારોમાં આપણે રાષ્ટ્રની શાનને નુકશાન જ પહોંચાડી રહ્યા છીએ. પ્રત્યેક નાગરિકે રોજ સ્વ.મૂલ્યાંકન કરવું જ પડે કે મેં આજ શું સારું કર્યુ ? ઈશ્વરે તો બધા માટે બધું જ કર્યુ છે પણ તેનું ઉત્તમ સર્જન માનવી - તેણે બધુ વિકૃત કર્યુ છે. દિલને દેરાસર બનાવો તો કદીક મહાવીર પણ આવશે મતલબ દિલ દર્પણ છે તેને સાફ રાખવું એ કર્તવ્ય છે. તમારા અસ્તિત્વને ન્યાય આપવા સમય પ્લાનિંગ અને શિસ્ત ને પ્રાધાન્ય આપશો તો ભગવાન બાકીનું સંભાળી લેશે. સામાજિક જવાબદારી એ લોકોએ જ નિભાવવાની ચીજ છે.

**શેર આસ્વાદ :**

મુઝે ના ઢૂંઢના કહીં જમીં ઓ આસમાન મેં
અગર મૈં તેરે દિલમેં નહીં હૂં તો ફીર કહીં નહીં.